| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭–૦૧–૨૦૧૧ |
| નોંધણી તારીખ | ૨૭–૦૧–૨૦૧૧ |
| ફેંસલ તારીખ | ૨૦–૦૮–૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૧૪૭/૨૦૧૧** |
| **આંક** | **૧૨** |

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** :– કેતનભાઈ રતનકુમાર વર્મા, ઉ.વ.આ.૨૩,
રહે. બ્લોક નં. ૨૪/૩૭૩, શીવ એપાર્ટમેન્ટ,
કૃષ્ણનગર, અમદાવાદ.

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે. એચ. પંડયા.
આરોપી પક્ષે વિ.વ.શ્રી બી.ડી.ઠકકર

**ગુનો :– ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.**

**" જ જ મે ન્ટ "**

(૧) આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૨૬/૧૦/૨૦૧૦ ના કલાક ૪–૧૫ વાગ્યાના સુમારે પોતે પોતાના કબજાનું યામાહા મોટર સાયકલ નંબર જી.જે.૧. ઈ.કયુ.૨૫૩૫ નું રત્નાસાગર તરફથી બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી અભિષેક સોસાયટીના ઝાંપા પાસેથી ચાલતા પસાર થતાં ફરીયાદીને આરોપીએ તેના કબજાની બાઈકથી જમણા પગે ટકકર મારી પાડી લઈ એકસીડન્ટ કરી જમણા પગે તથા જમણા હાથે કાંડાના ભાગે ફેકચર કરી તેમજ સદર આરોપી પણ મોટર સાયકલ સાથે ફંગોળાઈને પડતા માથાના ભાગે તથા કપાળના ભાગે ઈજા થતાં આરોપીએ એકસીડન્ટ કરી ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ નો ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદી ધ્વારા અપાતાં પોલીસે મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૩૧/૧૦ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરાવો જણાતાં આરોપીને અટક કરી, આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપી સામેના ગુનાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીનું પ્રાથમીક નિવેદન આંક–૨ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u> :–

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગણપતભાઈ લવજીભાઈ ચાવડાની જુબાની | ૪ |

| | | |
|---|---|---|
| ૨ | સાહેદ કરશનભાઈ ગણપતભાઈ ચાવડાની જુબાની | ૬ |
| ૩ | સાહેદ પ્રવિણભાઈ ગણપતભાઈ ચાવડાની જુબાની | ૭ |
| ૪ | સાહેદ હરેશભાઈ ગણપતભાઈ ચાવડાની જુબાની | ૮ |
| ૫ | પંચસાહેદ હિતેન્દ્રસિંહ મનુભા જાડેજાની જુબાની | ૯ |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદ અસલ. | ૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૩ | ફરીયાદીનું મેડીકલ સર્ટી. | ૧૧ |

(૫) પુરાવાના અંતે આરોપીની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આરોપીએ તારીખ ૨૬/૧૦/૨૦૧૦ ના કલાક ૪–૧૫ વાગ્યાના સુમારે પોતે પોતાના કબજાનું યામાહા મોટર સાયકલ નંબર જી.જે.૧. ઈ.કયુ.૨૫૩૫ નું રત્નાસાગર તરફથી બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી અભિષેક સોસાયટીના ઝાંપા પાસેથી ચાલતા પસાર થતાં ફરીયાદીને આરોપીએ તેના કબજાની બાઈકથી જમણા પગે ટકકર મારી પાડી લઈ એકસીડન્ટ કરી જમણા પગે તથા જમણા હાથે કાંડાના ભાગે ફેકચર કરી તેમજ સદર આરોપી પણ મોટર

સાયકલ સાથે ફંગોળાઈને પડતા માથાના ભાગે તથા કપાળના ભાગે ઈજા થતાં આરોપીએ એકસીડન્ટ કરી ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબરઃ–૧</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ તારીખ ૨૬/૧૦/૨૦૧૦ ના કલાક ૪–૧૫ વાગ્યાના સુમારે પોતે પોતાના કબજાનું યામાહા મોટર સાયકલ નંબર જી.જે.૧. ઈ.કયુ.૨૫૩૫ નું રત્નાસાગર તરફથી બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લાવી અભિષેક સોસાયટીના ઝાંપા પાસેથી ચાલતા પસાર થતાં ફરીયાદીને આરોપીએ તેના કબજાની બાઈકથી જમણા પગે ટકકર મારી પાડી લઈ એકસીડન્ટ કરી જમણા પગે તથા જમણા હાથે કાંડાના ભાગે ફેકચર કરી તેમજ સદર આરોપી પણ મોટર સાયકલ સાથે ફંગોળાઈને પડતા માથાના ભાગે તથા કપાળના ભાગે ઈજા થતાં આરોપીએ એકસીડન્ટ કરી ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧ ૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આ કેસમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૭૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ હોય ત્યારે તે અંગે રજુ થયેલ પુરાવાની ચર્ચામાં ઉતરતાં પહેલાં સદર કાયદાની કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમાં લેવી જરૂરી છે, ઈ.પી.કો. કલમ ૨૭૯ તથા ૩૩૭, ૩૩૮ ની કાયદાકીય જોગવાઈઓ અન્વયે અત્રેની અદાલત સંપુર્ણપણે સભાન છે.

(૧૦) બેફામ તથા બેદરકારીના સંદર્ભે લો લેકસીકનમાં તથા ના.સુપ્રિમકોર્ટે રવિકપુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, એ.આઈ.આર.૨૦૧૨ સુપ્રિમકોર્ટ, ૨૯૮૬ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાનમાં લઈએ તો :–

" બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે, છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે, એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય, જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. એક વાહન ચાલકનું વાહન યોગ્ય યાંત્રિક સ્થિતિમાં હોય, તે ટ્રાફીકના નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, એ મુજબ વ્યકિત ન વર્તે તે બેદરકારી ગણાય. શહેરમાં જાહેર માર્ગ પર વ્યકિત વાહન ચલાવે તે અપેક્ષા મુજબનું છે, પરંતુ અચાનક બ્રેક મારે, અચાનક વળાંક લે, અણધારી રીતે ઝડપ વધારી દે તે બેફામપણે કરેલું વર્તન ગણાય. "

ઉપરોકત વ્યાખ્યા તથા ના.સુપ્રિમકોર્ટના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી હાલના કેસમાં જોઈએ તો ઈ.પી.કો. કલમ ૩૩૭ નો ગુનો ધ્યાનમાં લેતાં કોઈપણ વ્યકિત માનવ જીંદગી કે અન્યની શારિરીક સલામતી ભયમાં મુકાય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને કોઈ વ્યથા પહોંચાડે તો કાયદા અન્વયે તે સજાને પાત્ર ગુનો બને છે. જયારે ઈ.પી.કો. ૩૩૮ નો ગુનો ધ્યાનમાં લેતાં કોઈપણ વ્યકિત માનવ જીંદગી કે અન્યની શારિરીક સલામતી ભયમાં મુકાય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને કોઈ મહાવ્યથા પહોંચાડે તો કાયદા અન્વયે તે સજાને પાત્ર ગુનો બને છે.

(૧૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૪ થી ફરીયાદી ગણપતભાઈ લવજીભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓનો પુરાવો ધ્યાનમાં લેતાં તેઓએ તેઓના સોગંદ ઉપરના પુરાવામાં બનાવ બે વર્ષ અગાઉ અભિષેક સોસાયટીના ઝાપા પાસે દુધના કેન સાચવવા માટે ફરીયાદી જતો હતો અને બાઈક પાછળથી આવી તેઓને ટકકર મારતાં તેઓ નીચે પડી ગયેલ અને તેઓને જમણા હાથે અને પગે ઈજા થયેલી. તેઓનું મકાન સામે હોઈ તેઓને કરસન દવાખાને લઈ

ગયેલ, અકસ્માત કરનાર મોટર સાયકલના ચાલકને ઈજા થતાં તેને પણ તેમની સાથે સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા, તેઓને પગે પ્લાસ્ટરનો પાટ તથા હાથે સળીયા ાંખી પાટો બાંધેલો, બે દિવસ તેઓ દવાખાને રહેલા અને બનાવની ફરીયાદ આપેલી તેમ જણાવી રજુ થયેલ ફરીયાદ ઉપર પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આ કામે આંક–પ થી રજુ થયેલી છે. વધુમાં ફરીયાદીએ તેઓના પુરાવામાં તેઓ ભણેલ નથી, તેઓને બાઈકનો નંબર ખબર નથી, બાઈક ચાલકને તેઓ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. બચાવપક્ષ તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ધ્યાનમાં લઈએ તો તેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે તેઓને આંખે ઓછું દેખાય છે અને કાને ઓછું સંભળાય છે, તેઓને ઈજા થતાં તેઓ બેહોશ થઈ ગયેલ અને દવાખાને ભાનમાં આવેલ તેમ જણાવેલ છે.

આમ, ફરીયાદીના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે તેઓ દુધના કેન સાચવવા જણા હતા ત્યારે પાછળથી બાઈકે આવી ટકકર મારતા તેઓને જમણા હાથે અને પગે ઈજા થયેલી અને તેઓએ સીવીલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ હોવાની હકીકત જણાવેલી છે જે હકીકતથી તથા આંક–૧૧ થી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતાં બનાવના દિવસે, સમયે અને સ્થળ ે ફરીયાદીને અકસ્માત થયેલ હોવાની હકીકત સાબીત થાય છે. વધુમાં ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતાં તે વાહન અકસ્માતને લીધે તેઓને ઈજા થતાં તેઓએ સારવાર કરાવેલ હોવાનું જણાવેલ છે જે હકીકતને પણ મેડીકલ સર્ટી.થી સમર્થન મળતું હોવાનું જણાઈ આવે છે. જેથી ફરીયાદીના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે વાહન અકસ્માતના લીધે ફરીયાદીને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી આ કામે બનાવ વખતે સંડોવાયેલ વાહન હાલનાં આરોપી જ હંકારતાં હતાં અને આરોપીએ પુરઝડપે અને ગફલતભરીરીતે વાહન હંકારવાને કારણે આ બનાવ બનવા પામેલો છે કે કેમ ? તે સંદર્ભે ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતાં તેઓએ તેમના પુરાવામાં બાઈક પાછળથી આવેલ અને તેઓને ટકકર મારતાં તેઓ નીચે પડી ગયેલા અને તેઓના જમણા હાથે અને પગે ઈજા થયેલી તથા તેઓને બાઈકનો નંબર ખબર નથી તથા બાઈક ચાલકને ઓળખી શકે નહી તેવી હકીકત જણાવેલી છે.

જેથી આ કામના ફરીયાદીએ તેઓને અકસ્માત કરનાર વાહન બાઈકથી પાછળથી ટકકર મારેલ હોઈ હાલના આરોપીને ફરીયાદીએ વાહન હંકારતા નજરે જોયેલ ન હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. ત.ક.અમલદારશ્રીએ આરોપીની ફરીયાદી મારફત ઓળખપરેડ કરાવેલ હોય તેવું જણાઈ આવતું નથી. તેથી ફરીયાદીના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હતા તેવી હકીકત શંકારહીત સાબીત થતી નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૬ થી સાહેદ કરશનભાઈ ગણપતભાઈ ચાવડા, આંક–૭ થી સાહેદ પ્રવિણભાઈ ગણપતભાઈ ચાવડા તથા આંક–૮ થી સાહેદ હરેશભાઈ ગણપતભાઈ ચાવડા નાઓ કે જેઓ ફરીયાદીના દિકરાઓ છે તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના પુરાવામાં બનાવના દિવસે, સમયે અને સ્થળે તેઓ બનાવ સમયે સુતા હતા અને બુમાબુમ થતાં રોડ ઉપર તેઓના બાપુજી ઈજા પામેલી હાલતમાં પડેલા હતા અને જે ભાઈથી અકસમાત થયેલો તે ભાઈ પણ રોડ ઉપર ઈજાવાળી હાલતમાં હતા અને રોડ ઉપર એક બાઈક પણ પડેલું હતું, ૧૦૮ મારફતે તેઓના બાપુજી તથા અકસ્માત કરનારને સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા જયાં તેઓના બાપુજીની સારવાર કરાવેલી અને તેઓના બાપુજીએ પોલીસમાં ફરીયાદ આપેલી અને પોલીસે તેઓની પૂછપરછ કરેલી તથા તેઓએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેવી હકીકત જણાવેલી છે. સદર સાહેદોની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવતાં તેમાં આવેલ સ્વીકૃત હકીકતો ધ્યાને લઈએ તો એ વાત ખરી છે કે બનાવની તેઓને જાતમાહીતી નથી અને બનાવવાળા સ્થળે તેઓ પાછળથી આવેલા તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

આમ, ઉપરોકત સાહેદો કે જેઓ ફરીયાદીના દિકરાઓ છે તેઓના પુરાવાનું સંયુકત રીતે મુલ્યાંકન કરીએ તો બનાવ સમયે તેઓ સુતા હતા અને બુમાબુમ થતાં રોડ ઉપર તેઓએ તેમના બાપુજીને ઈજા પામેલી હાલતમાં પડેલા જોયેલા તથા જે ભાઈથી અકસમાત થયેલો તે ભાઈ પણ રોડ ઉપર ઈજાવાળી હાલતમાં હતા અને રોડ ઉપર એક બાઈક પણ પડેલું હતું, ૧૦૮ મારફતે તેઓના બાપુજી તથા અકસ્માત કરનારને સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા જયાં તેઓના બાપુજીની સારવાર કરાવેલી તેવી

હકીકત રેકર્ડ પર આવેલી છે. આમ, સદરહું સાહેદોના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળ ે તેઓના પિતાને વાહન અકસ્માતના લીધે ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ તેઓના પુરાવાથી આ કામે બનાવ વખતે સંડોવાયેલ વાહન હાલનાં આરોપી જ હંકારતાં હતાં અને આરોપીએ પુરઝડપે અને ગફલતભરીરીતે વાહન હંકારવાને કારણે આ બનાવ બનવા પામેલો છે તેવી હકીકત શંકારહીત સાબીત થતી નથી. વધુમાં બનાવના દિવસે, સમયે અને સ્થળે તેઓ હાજર હોય અને બનાવ તેઓએ નજરે જોયેલ હોય તેવી કોઈ હકીકત તેઓના પુરાવાથી ફલિત થતી નથી. આમ, સદર સાહેદોના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન મળતું નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આ કામે આંક–૯ થી પંચસાહેદ હિતેન્દ્રસિંહ મનુભા જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ આંક–૧૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામા ઉપર તેઓની સહી સિવાયની તમામ હકીકતોને સમર્થન આપેલ ન હોવાથી તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. આમ, પંચસાહેદના પુરાવાથી ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતું નથી.

(૧૪) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે ફરીયાદી દુધના કેન સાચવવા જણા હતા ત્યારે પાછળથી બાઈકે આવી ટકકર મારતા તેઓને જમણા હાથે અને પગે ઈજા થયેલી અને તેઓએ સીવીલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ હોવાની હકીકત જણાવેલી છે જે હકીકતથી તથા આંક–૧૧ થી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે ફરીયાદીને અકસ્માત થયેલ હોવાની હકીકત સાબીત થાય છે. વધુમાં ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતાં તે વાહન અકસ્માતને લીધે તેઓને ઈજા થતાં તેઓએ સારવાર કરાવેલ હોવાનું જણાવેલ છે જે હકીકતને પણ મેડીકલ સર્ટી.થી સમર્થન મળતું હોવાનું જણાઈ આવે છે. જેથી ફરીયાદીના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે વાહન અકસ્માતના લીધે ફરીયાદીને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી આ કામે બનાવ વખતે સંડોવાયેલ વાહન હાલનાં

આરોપી જ હંકારતાં હતાં અને આરોપીએ પુરઝડપે અને ગફલતભરીરીતે વાહન હંકારવાને કારણે આ બનાવ બનવા પામેલો છે કે કેમ ? તે સંદર્ભે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના ફરીયાદીએ હાલના આરોપીને વાહન હંકારતા નજરે જોયેલ ન હોવાની હકીકત ફલિત થાય છે. ત.ક.અમલદારશ્રીએ આરોપીની ફરીયાદી મારફત ઓળખપરેડ કરાવેલ હોય તેવું જણાઈ આવતું નથી. તેથી ફરીયાદીના પુરાવાથી બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હતા તેવી હકીકત શંકારહીત સાબીત થતી નથી. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ અન્ય સાહેદોના પુરાવાથી પણ બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપી અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હતા તેવી હકીકત શંકારહીત સાબીત થતી નથી. જેથી હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી અકસ્માતમાં સંડોવાયેલ વાહન આરોપી હંકારતા હતા તેવી હકીકત શંકારહિત પુરવાર થતી નથી.

(૧૫) આ કામે આરોપી સામે એમ.વી.એ.ક.૧૭૭,૧૮૪ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર ક.૧૮૪ અન્વયે **<u>એમ.વી.એ.ક.૨૦૯–દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણ</u>**–ની આદેશાત્મક જોગવાઈઓનું જયારે પાલન થયેલું હોય ત્યારે જ ક.૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. એમ.વી.એ.ક.૨૦૯ ની આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને ઉપરોકત ગુના સબબ ગુનો થયા બાદ ચેતવણી આપવામાં આવેલી હોય કે તપાસ પૂર્ણ થયા બાદ તેઓની સામે ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરવામાં આવશે અથવા તો ગુનો બન્યાનાં ૧૪ દિવસની અંદર સદર કલમ અન્વયેની નોટીસ ગુનો બન્યાનો પ્રકાર,સમય,સ્થળ અને જે જગ્યાએ ગુનો બન્યો હોય તે તમામ વિગત જણાવતી નોટીસ આરોપીને અથવા તો જેનાં નામ ઉપર સંડોવાયેલ વાહન રજીસ્ટર થયેલું હોય તેને જાતે અથવા તો રજી.પોસ્ટ મારફતે બજવણી કરવામાં આવેલી હોવી જોઈએ. અથવા ગુનો બન્યાનાં ૨૮ દિવસની અંદર સદર ગુનાનો સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલી હોવી જોઈએ. હાલનાં કેસમાં ઉપરોકત આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલ હોવાનું જણાતું ન હોય ત્યારે આરોપીને એમ.વી.એ.ક.૧૮૪ મુજબનાં ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૬) આમ, ફરીયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે ઈજા પામનાર સાહેદને વાહન અકસ્માતના કારણે ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ તરફે પુરવાર થાય છે પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બનાવના દિવસે, સમયે અને સ્થળે અકસ્માતમાં સંડોવાયેલ વાહન આરોપી હંકારતા હતા તે હકીકત શંકારહીત પુરવાર થતી ન હોવાથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## " આ ખ રી હુ ક મ "

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૫૫(૧) અન્વયે આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭ (એ) મુજબ અપીલ જામીન રૂા.૫,000/– ના રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ – ૨૦ માહે ઓગષ્ટ સને : ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૨૦–૦૮–૨૦૧૯.
અમદાવાદ.

**(રાજેશ સુરેશચંદ્ર પુરાણી)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૭૨૭.